ડિજીટલ વધારો

THE BARODIAN BULLETIN

https://thebarodian.in



# સુરતના ગણેશ પંડાલ પર કાંકરીચાળો !

સુરતમાં વરીયાવી બજાર કા રાજા એકતા યુવક મંડળના ગણપતિ પંડાલ પર પથ્થરમારો થતાં રાત્રે ભારે તંગદીલી સર્જાઈ હતી. એક રિક્ષામાં આવેલા સાતથી આઠ યુવાનોએ પથ્થરમારો કર્યો હોવાની વિગતો બહાર આવી છે. ગણપતિ મંડપ પર થયેલા પથ્થરમારાને કારણે શહેરમાં ભારે ઉશ્કેરાટ વ્યાપી ગયો હતો. મંડપ પર થયેલા પથ્થરમારાને પગલે હજારો ગણેશભક્તો ધસી ગયા હતા. વરીયાવી બજાર પોલીસ ચોકીનો ઘેરાવ કરી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સ્થળ પર બોલાવવાની માંગ કરી હતી. આ તોફાની તત્વો વરીયાવી બજાર પોલીસ ચોકી સામે આવેલા પાલિયા ગ્રામ રોડ પર આવેલી રૂબી સોસાયટીના છોકરાઓ હોવાનું કહેવાય છે. મોડી રાત્રે હિન્દુ - મુસ્લીમ ટોળા વચ્ચે પથ્થરમારો થયો હતો. જેના પગલે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. જેમાં પાંચ પોલીસ કર્મીઓને ઈજા પહોંચી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ ધારાસભ્ય કાંતી બલરને પણ ટપલી દાવ કર્યો હતો.

September 8,2024